જળ એ જ જીવન
સુરત મહાનગરપાલિકા
હાઈડ્રોલિક વિભાગ

હાઈડ્રોલિક ઈજનેર
પ્રથમ માળ, અલથાણ સ્વીમીંગપુલ એન્ડ યુથ એમ્પાવરમેન્ટ સેન્ટર,
સી.બી.પટેલ સ્પોર્ટસ કેમ્પસની સામે,
નેસ્ટ હાઉસની બાજુમાં, અલથાણ,
સુરત–૩૯૫ ૦૧૭.

e-mail: exen.hydraulic@suratmunicipal.org

ભાવપત્રક

એચઈડી/આઉટ/નં.૨૯૧૧
તા.૧૨/૧૧ /૨૦૨૬

પ્રતિ,
.....
.....
.....
.....

વિષય :– સુરત મહાનગરપાલિકાના નવા પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં આવેલ સરથાણા વોટર વર્કસમાં ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના પ્લાન્ટમાં પતરાનો (પ્રો–ફલેકસ શીટ) શેડ ઉતારવાનું કામ.

શ્રીમાન,

સુરત મહાનગરપાલિકાના નવા પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં આવેલ સરથાણા વોટર વર્કસમાં ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના પ્લાન્ટમાં પતરાનો (પ્રો–ફલેકસ શીટ) શેડ ઉતારવાના કામે ભાવપત્રક આપવા તમો રસ ધરાવતા હોવ, તો આપનું ઈ.એમ.ડી રૂા.૫,૦૦૦–૦૦ પૈ. (પાંચ હજાર) સહિતનું ભાવપત્રક **તા.૨૬/૧૧/૨૦૨૬** સુધીમાં હાઈડ્રોલિક વિભાગ ખાતે નીચે સહી કરનારને સીલબંધ કવરમાં મોકલી આપવાનુ રહેશે. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈપણ કવરો સ્વીકારવામાં આવશે નહી.

વધુમાં, અત્રે પ્રાપ્ત થયેલ ભાવપત્રક પૈકી કોઈપણ અથવા બધા જ ભાવપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

અ.નં.	વિગત	અંદાજીત જથ્થો (ચો.મી.)	ભાવ પ્રતિ ચો.મી. રૂા. પૈ.	કુલ રકમ રૂા. પૈ.
૧.	સુરત મહાનગરપાલિકાના નવા પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં આવેલ સરથાણા વોટર વર્કસમાં ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના પ્લાન્ટમાં પતરાનો (પ્રો–ફલેકસ શીટ) શેડ ઉતારવાનું કામ.	૨૦૦૦.૦૦		

કુલ રકમ (શબ્દોમાં) :– .....

શરતો :–

૧. ઈજારદારે રજીસ્ટ્રેશન/ સંસ્થાનું નોંધણી પત્રકની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.
૨. ઈજારદારે પૂર્ણ કરેલ સમાન કામના અનુભવના સર્ટીફિકેટ (Form 3A)/ વર્કઓર્ડરની પ્રમાણીત નકલો રજુ કરવાની રહેશે.
૩. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.
૪. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.
૫. સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમ મુજબ ટેક્ષ કાપવામાં આવશે.
૬. ઈજારદારે જી.એસ.ટી. સહિતનો ભાવ ભરવાનો રહેશે.
૭. ભાવ પત્રક મંજુર થયેથી મંજુર રકમના ૨% મુજબ થતી રકમની સીકયોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે, તેમજ જરૂરી એગ્રીમેન્ટ, જામીનગીરી અને અન્ડર ટેકીંગ રૂા. ૩૦૦ + ૩૦૦ + ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર કરી જવાનું રહેશે.
૮. હયાત પતરાના શેડ (પ્રો–ફલેકસ શીટ) અન્ય માળખાને નુકસાન ન થાય તે રીતે નીચે ઉતારવાનો રહેશે.

૯. શેડની ઊંચાઈને ધ્યાનમાં રાખીને જરૂરી Scaffoldings, Lifting Arrangements, Cranes, Safety Belts તથા અન્ય સાધનોની વ્યવસ્થા કરવી તેમજ કામગીરી દરમ્યાન તમામ કામદારોએ Safety Helmet, Safety Belt, Safety Shoes, Gloves તથા અન્ય જરૂરી સલામતીનાં સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે.

૧૦. કોન્ટ્રાકટરે ભાવપત્રક ભરતા પહેલાં કામગીરીના સ્થળની મુલાકાત લઈ શેડની ઊંચાઈ, માળખું, સ્થિતિ તથા કામગીરીની જટિલતાનો અભ્યાસ કરી પોતાનો ભાવ રજૂ કરવાનો રહેશે.

૧૧. શેડને ઉતારવાનું કામ માત્ર સંબંધિત અધિકારીશ્રીની સૂચના અને દેખરેખ હેઠળ જ કરવાનું રહેશે.

૧૨. શેડને ઉતારવાની કામગીરી દરમ્યાન હાલના RCC Columns, Beams, Pipelines, Railings તથા અન્ય સિવિલ સ્ટ્રકચરને કોઈપણ પ્રકારનું નુકસાન થવું જોઈએ નહીં.

૧૩. કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારનો અકસ્માત, જાનહાનિ કે મિલકતને નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૪. ઉતારવામાં આવેલ તમામ સામાન સુરત મહાનગરપાલિકાની માલિકીનો રહેશે તેમજ તમામ સામગ્રીને અધિકારીશ્રીની સૂચના મુજબ નિર્ધારિત સ્થળે વ્યવસ્થિત રીતે એકત્રિત કરી જમા કરાવવાની રહેશે.

૧૫. કામગીરી દરમિયાન ઈલેકટ્રીક કનેક્શન/ પેનલ, પાઈપલાઈન તથા અન્ય કાર્યરત સુવિધાઓને નુકસાન ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

૧૬. કામગીરી દરમિયાન ઉત્પન્ન થતો તમામ ભંગાર તથા બિનઉપયોગી સામાન કામગીરી પૂર્ણ થયા બાદ સ્થળની સાફસફાઇ કરી દૂર કરવાનો રહેશે.

૧૭. કામગીરી માટે જરૂરી તમામ ખર્ચ, મજૂરી, કટિંગ, લોડિંગ, અનલોડિંગ, પરિવહન તથા અન્ય આનુષંગિક ખર્ચ કોન્ટ્રાકટરે રજૂ કરેલ ભાવમાં સમાવિષ્ટ ગણાશે.

૧૮. કામગીરી પૂર્ણ થયા બાદ સંબંધિત અધિકારીશ્રી દ્વારા ચકાસણી અને સંતોષકારક પ્રમાણિત થયા બાદ જ ચુકવણી કરવામાં આવશે.

૧૯. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૨૦. સદર કામની સમયમર્યાદા વર્કઓર્ડર ઈસ્યુ થયેથી ૦૧ (એક) માસની રહેશે.

હું / અમે આથી ઉપર જણાવેલ કામનું વર્ણન, તેની સાથે જોડાયેલ શરતો અનુસાર કામ પૂર્ણ કરવા માટે મારો / અમારો ભાવ રજૂ કરું છું / કરીએ છીએ અને તે બદલ નિયત કરવામાં આવેલી ચુકવણી સ્વીકારવા સંમત છું / છીએ.

.....Sd.....
હાઈડ્રોલિક ઈજનેર
સુરત મહાનગરપાલિકા

ઈજારદારના સહી તેમજ સિક્કા